## ડીસાની જલીયાણ ગૌશાળા કાંટ ખાતે બદલાતાં કરાયું ભૂમિપૂજન



છેલ્લા ઘણા વર્ષોથી ડીસા ખાતે બિમાર ગૌમાતાઓ માટે ચાલતી ગૌશાળા કાંટ ખાતે બદલવાની હોઈ નવીન જગ્યા ઉપર સંતો,દાતાઓ,ગૌભકતો,પત્રકારો તેમજ કાર્યકર્તાઓની પાવન ઉપસ્થિતિમાં ભૂમિપૂજન કરાયું હતું.આ નિમિત્તે શ્રી રામચરિત માનસ મંડળ ડીસા દ્વારા વાજતેગાજતે દિવ્ય સુંદરકાંડનો પાઠ કરાયો હતો. આ અવસરે ટેટોડા ગૌશાળાના પૂજ્ય રામરતનજી મહારાજે ખાસ હાજર રહી આશીર્વાદ આપ્યા હતા.શ્રી જલીયાણ ગૌશાળા ડીસા સાથે સંકળાયેલ સર્વ ભરતભાઈ ઠકકર, ઈશ્રવરભાઈ પ્રજાપતિ,મદનભાઈ સોની,પ્રવિણભાઈ શાહ, વિનોદભાઈ પટેલ,મહેશભાઈ ઉદેચા,મુકેશભાઈ આચાર્ય, તારાચંદભાઈ મજેઠીયા,આનંદભાઈ પી.ઠકકર, ભગવાનભાઈ બંધુ,આર.ડી.ઠકકર, મહેશભાઈ પોપટ, ભૂપેન્દ્રભાઈ જોષી,ભૂપતભાઈ આયા સહિત સૌએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કર્યા હતા.અંદાજે નેવુ હજાર ચોરસ ફૂટ જગ્યામાં બનનાર આ ગૌશાળામાં બિમાર ગાયોની પૂરતી સારવાર થાય તે માટે ગૌ હોસ્પિટલ પણ બનાવવામાં આવશે.

## બામણા સ્કૂલ-કોલેજનું ગૌરવ વધાર્યું




મુર્ધન્ય કવિવર ઉમાશંકર જોશીની પાવન જન્મ ભૂમિમાં કાર્યરત શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કૂલ કેળવણી મંડળ,મુંબઈ સંચાલિત શ્રી ડી.એમ.બી.પી હાઈસ્કૂલ, બામણાની ભુતપુર્વ વિદ્યાર્થીની, સ્વ. એસ.એચ.જોષી અને બી.કે.જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બામણામાં બી.એ. સેમેસ્ટર-૪ માં અભ્યાસ કરતી દિકરી , પુનાસણ ગામની વતની નેહા સુરેશભાઈ પ્રજાપતિએ ગુજરાતની 'વોલિબોલ' ટિમ મહારાષ્ટ્રના સાંગલી સ્ટેડિયમમાં કેરળની મહિલા યુવા ટીમને ૩.૦ થી હરાવી વિજય પ્રાપ્ત કરેલ છે.નેહા પ્રજાપતિએ તેના માતા-પિતા,પરીવાર અને સમાજની સાથે-સાથે બામણા સ્કૂલ-કોલેજનું ગૌરવ વધારતા શ્રી બામણા-પુનાષણ મધ્યસ્થ સ્કૂલ કેળવણી મંડળ, પ્રમુખ દિનેશચંદ્ર બી. ભટ્ટ, મંત્રી હરેશભાઈ ઉપાધ્યાય, ઈશ્વરભાઈ પંડ્યા,કોલેજના પ્રિ.ડો. કલ્પનાબેન આર.પટેલ,સ્કૂલના આચાર્ય જી.જી.પટેલ સહિત સમગ્ર સ્ટાફ પરિવારે નેહાને અઢળક શુભેચ્છઓ પાઠવી બિરદાવી હતી.

## પાલનપુરમાં BAPS દ્વારા માંગલ્ય પ્રવચન માળાનું સમાપન : ભક્તોને સ્વામી નારાયણની ખીચડીનો પ્રસાદ



પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી ઉપક્રમે પાલનપુરના આંગણે BAPS દ્વારા ૨૫ થી-૨૯ મે' દરમિયાન જીવન માંગલ્ય પ્રવચન માળા નું આયોજન કરાયું હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, સમાપન ટાણે ભાવિક ભક્તો માટે સ્વામિનારાયણની જગ વિખ્યાત ખીચડીનો પ્રસાદ આપવામાં આવશે. કેમ પાલનપુર ના સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રેસ મીડિયા વિભાગનાહરિભક્ત વરુણે વધુ વાતચીત કરતા જણાવ્યું હતું કે, મ્છઁજી સ્વામીનારાયણ સંસ્થા દ્વારા પ્રમુખ સ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નિમિત્તે પાંચ દિવસની પારાયણનું આજે સમાપન થવા જઈ રહ્યું છે. ત્યારે ભાવિક ભક્તો માટે સ્વામી નારાયણની ખીચડી સહિતના પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. જે ડ્રાયફુટ અને ઘી સહિતના શાકભાજી સાથેની સ્વાદિષ્ટ ખીચડી બનાવવા માટે હરિભક્તો કામે લાગ્યા છે. આજે ૫ દિવસીય જીવન માંગલ્ય પ્રવચનમાળાના સમાપન ટાણે અપૂર્વ સ્વામીનું પ્રવચન યોજાયું હતું. જોકે, સમાપન ટાણે ખીચડી સહિતના ફૂડ પેકેટ બનાવવા માટે ૫૫ ટુકડીઓ બનાવવામાં આવી છે. જેમાં ૮૫૦ હરિભક્તો જોડાયા છે.

## મહિલા પોલીસકર્મીની ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમવિધિ



ગુજરાતમાં અકસ્માતની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના ઉકરડી ગામના અને ખેડા જીલ્લામાં ફરજ બજાવતા મહિલા પોલીસકર્મી કરાઈ ટ્રેનિંગ સેન્ટરમાંથી એક્ટિવા પર પરત ફરતા દહેગામ જોડે એક્ટીવાને અકસ્માત નડતા ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન મોત નિપજતા પોલીસબેડામાં શોકની લાગણી છવાઈ હતી મહીલા પોલીસકર્મીને માદરે વતન ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમવિધિ કરવામાં આવી હતી પરિવારે જુવાનજોધ દીકરી ગુમાવતા ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી. ખેડા જીલ્લાના આંતરસુંબા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અને મેઘરજ તાલુકાના ઉકરડી ગામના રેખાબેન કાળાભાઈ નામના મહિલા પોલીસકર્મી કરાઈ ખાતે એક દિવસની ટ્રેનિંગ હોવાથી એક્ટિવા લઈ ટ્રેનિંગ માટે પહોંચ્યા પછી ટ્રેનિંગ પુરી કરી પરત ફરતા સમયે દહેગામ રોડ પર એક્ટીવાને અકસ્માત નડતા મહિલા પોલીસકર્મીના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા સારવાર દરમિયાન મોત સામે જંગ લડતા મહિલા પોલીસકર્મીનું મોત થતા તેમનો મૃતદેહ માદરે વતન લાવવામાં આવ્યો હતો મહિલા પોલીસકર્મી ફરજ દરમિયાન મોત નિપજતા ઈસરી પોલીસે ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમવિધિ કરી હતી. મહિલા પોલીસકર્મીનું અકસ્માતમાં મોત થતા પરિવારજનોએ ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી યુવા પોલીસકર્મીના નિધન થી પોલીસબેડાં સહીત સમગ્ર પંથકમાં શોકની લાગણી છવાઈ હતી.

# જિલ્લામાં છેલ્લા ૨ દિવસથી વાદળછાયું વાતાવરણ અને પવનના કારણે ઉકળાટમાં રાહત

### મેઈન્ટેનન્સના કારણે વિજ પુરવઠો ખોરવાયો છતાં પ્રજાને એકંદરે રાહત





બાયડ (બ્યુરો ઓફિસ), તા.૩૦

જિલ્લામાં પ્રિ-મોન્સુન એકશન પ્લાનનું અમલીકરણ શરુ થયું છે. ત્યારે મેન્ટેનન્સના કારણે પાછલા ૨ દિવસથી અનેક શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ૬-૦૦ થી ૭-૦૦ કલાક વિજ પુરવઠો બંધ રાખવામાં આવ્યો હતો પરંતુ વાદળછાયા વાતાવરણ અને ૨૦ થી ૨૫ કી.મી.ની ઝડપે ફૂંકાતા પવનના કારણે પ્રજાને એકંદરે રાહત રહી હતી જો કે બપોરે તાપમાનનો પારો ઉંચકાતાં ગરમી અનુભવાઈ હતી.

રાજયમાં સમયસર ચોમાસાની આગાહી વચ્ચે ખેડૂતોએ ખેતી માટે સજ્જ બન્યા છે. જે રીતે અસહ્યા બફારો અને ગરમી અનુભવાય છે તેના કારણે ખેડૂતોએ ખેડેલી જમીન યોગ્ય રીતે તપતાં સારા પાકની આગોતરી આશા સેવાય છે. પાછલાર દિવસથી જિલ્લામાં ઉત્તર ગુજરાત વિજ કંપની દ્વારા પ્રિ-મોન્સુન એકશન પ્લાન અંતર્ગત વિજતાર આસપાસના જોખમી ઝાડ, હોડીંગ્સ, વનસ્પતિ સહિતના વેલા દૂર કરવાની કામગીરી હાથ ધરાઈ છે જેથી તબક્કાવાર વિજ પુરવઠો બંધ કરાતાં છેલ્લા ૪૮ કલાકથી પ્રજા અને વેપારીઓ તેમજ દર્દીઓ પરેશાની ભોગવતા હોય છે પરંતુ તાપમાનનો પારો વાદળછાયા વાતાવરણના કારણે ૪૧ થી ૪૨ ડિગ્રીએ સ્થિર રહે છે અને સવારથી બપોર સુધી આકાશમાં વાદળોની દોડદોડીના કારણે ઉકળાટ અને ગરમીમાં પ્રજાને રાહત થાય છે અને ત્યાં જ બપોરે ૨-૦૦ થી ૩-૦૦ આસપાસ મેઈન્ટેનન્સ પુરુ થયા પછી વિજ પુરવઠો રાબેતા મુજબ શરુ કરાતાં પ્રજાને વિજ તંત્રના સમારકામ સમયે પણ ગરમીમાં કુદરતી રીતે રાહત મળી રહી છે. આગામી ૨-૩ દિવસમાં તાપમાનનો પારો ઉંચકાયા પછી ગરમીમાં પ્રજાને રાહત થશે પરંતુ હવામાં ભેજનું પ્રમાણ વધવાના કારણે ઉકળાટમાંથી પ્રજાને વરસાદ વરસે ત્યાં સુધી રાહત મળવાના કોઈ અણસાર દેખાતા નથી.

### વધુમાં વધુ ૪૦ દિવસના ચોમાસાની આગાહી...

હવામાન વિભાગનું માનીએ તો દેશના અનેક વિસ્તારોમાં ૩૧ મે સુધીમાં ચોમાસુ શરુ થઈ શકે છે. જ્યારે આ વર્ષે -વરસાદ વરસશે પરંતુ અગાઉ વરસાદની જે મેરેથોન ઈનિંગ હતી તેમાં ઓટ આવી શકે છે. વધુમાં વધુ ૩૦ થી ૪૦ દિવસ વરસાદ -વરસશે તેવી આગાહીથી કેટલાક ખેડૂતો ચિંતિત બન્યા છે પરંતુ ખેડૂતોને તંત્રની આગાહીમાં ભરોસો ઘટી રહ્યો છે.

#### ભ્રષ્ટ સરકારી બાબુઓના આશીર્વાદથી પ્રતિબંધિત બિયારણ ઉત્પાદનનો ધીકતો ધંધો

# સાબરકાંઠામાં શંકાસ્પદ બિયારણના જથ્થાને શોધવા ખાસ ટીમોની રચના કરાઈ

### વડાલીમાંથી લેવાયેલ સેમ્પલમાં છેડછાડ થશે તો અનેક ખેડુતોની કોર્ટમાં જવાની તૈયારી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૩૦

સાબરકાંઠામાં શંકાસ્પદ બિયારણ અને પેસ્ટીસાઈડસ શોધવા માટે રાજ્ય સરકારના ખેતી વિભાગ દ્વારા ખાસ ટીમોની રચના કરવામાં આવી છે પરંતુ તેમાં પણ મળતીયાઓને સાચવવાના પેરવી ચાલી રહ્યાની શંકા વચ્ચે વડાલીની ચાર જીનીંગ પ્રોસેસીંગ યુનીટમાંથી શંકાસ્પદ કપાસના બિયારણનો જથ્થો મળ્યા પછી લેવાયેલા સેમ્પલના રીપોર્ટની રાહ જોવાય છે ત્યારે કપાસ પકવતાં ખેડુતોએ ભ્રષ્ટ સરકારી બાબુઓના ઈશારે સેમ્પલમાં છેડછાડ થશે તો કોર્ટમાં જવાની તૈયારીઓ શરૂ કર્યાનું જાણવા મળ્યું છે. સમગ્ર પંથકમાં છેલ્લા બે-ચાર વર્ષથી ભ્રષ્ટ સરકારી બાબુઓના આશીર્વાદથી પ્રતિબાંધિત કપાસના ૪-જી બિયારણ ઉત્પદાનનું ધીકતો ધંધો ચાલી રહ્યાની આશંકા પ્રબળ બની છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા જિલ્લામાં હવે ખેડુતોને પાયમલ કરવાનું ષડયંત્ર ચાલતું હોવાની આશંકા સેવાય છે. એક પછી એક વડાલીની જીનીંગ એન્ડ



પ્રોસેસીંગ પ્લાન્ટમાંથી શંકાસ્પદ બિયારણનો જથ્થો માની સીઝ કરવાની સાથે સેમ્પલ લેવામાં આવે છે અને પછી બધું અભરાઈ પર ચઢાઈ દેવામાં આવે છે. જેથી હવે ખેતી વિભાગના દેખાડા પુરતા તપાસના નાટક બંધ કરી અન્ય જિલ્લાની ટીમો દ્વારા શંકાસ્પદ બિયારણનો જથ્થો શોધી કાઢવા માટે અભિયાન ચલાવવું જોઈએ તેવું ખેડુતો માની રહ્યા છે. જ્યારે કપાસમાં વકરતાં રોગચાળાને નાથવા માટે ખાસ જીનનું બિયારણ ઉત્પાદિત કરવાનું હોય છે અને કેટલીક મલ્ટી નેશનલ કંપનીઓ પાસે તેની પરવાનગી છે પરંતુ સ્થાનિક ગુજરાતમાં ૪-જી બિયારણ ઉત્પાદન કરવું કે સંશોધન કરવા માટે કોઈને પણ વિભાગ દ્વારા પરવાનગી આપવામાં આવી નથી પરંતુ વડાલી પંથકની ચાર જીનીંગ પ્રોસેસીંગ યુનીટમાં રાજય કક્ષાએથી થયેલી તપાસ દરમ્યાન અધધ... ૧૮ હજાર કિલોગ્રામ કપાસનું શંકાસ્પદ બિયારણ મળી આવતાં અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા અને ૩૪ જેટલાં સેમ્પલ લઈ સંતોષ માન્યો છે પરંતુ જથ્થો સીઝ કર્યો તે અગાઉ છોટા હાથી અને આઈસર મારફતે અન્ય જિલ્લા અને પરપ્રાંતમાં બિયારણનો જથ્થો ઘર કરી ગયેલ છે કેમ ? તે જોવાની કે ચકાસવાની જરાપણ તસદી લેવામાં આવી નથી. આ જોતાં ખેડુતોને છેતરવાના અને પાયમલ કરવાના ષડયંત્રમાં ખેતી વિભાગમાં બેઠેલા ભ્રષ્ટ અધિકારીઓ પણ સંડોવાયાની આશંકા છે ત્યારે સરકારના ખેતી વિભાગ દ્વારા શંકાસ્પદ બિયારણ, ફર્ટીલાઈઝરનો જથ્થો શોધવા માટે ગમે તેટલી ટીમો મોકલે પરંતુ સિસ્ટમમાં જ સડો હોય તે ક્યાંથી ખેડુતોનો ઉદ્ધાર થવાનો છે.

### સામાન્યઅદાવત સંદર્ભે બોલાચાલી દરમિયાન ઝગડાએ ઉગ્રસ્વરૂપ ધારણ કર્યું

ભિલોડા,તા.૩૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કુંડોલપાલ ગામમાં લગ્નના વરધોડા દરમિયાન સામાન્ય બોલાચાલી દરમિયાન આરોપીઓએ અદાવત રાખીને અપશબ્દો બોલીને ગડદાપાટુનો માર મારતા મામલો ગરમાયો હતો.પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.પોલીસે આ બનાવ સંદર્ભે વધુ તપાસ હાથ ધરી છે. કુંડોલપાલ ગામમાં રંજનબેન વિશ્રામભાઈ ડામોરના ઘરે લગ્નના વરઘોડામાં થયેલ બોલચાલી બાબતે ૮ માસનો ગર્ભ ધરાવતી ગર્ભવતી મહિલાને સામાન્ય અદાવત રાખીને હુમલાખોરોએ મારતા મહિલાને સારવાર અર્થે તાત્કાલિક ધોરણે કોટેઝ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. ભિલોડા પોલીસ સ્ટેશનના આધારભૂત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ કુંડોલપાલ ગામના ડામોર વિજય ચંદુભાઈ, ડામોર લક્ષ્મણભાઈ સુરજીભાઈ,સુશીલાબેન સુરજીભાઈ ડામોર,નિરૂબેન ચંદુભાઈ ડામોર સહિત અન્ય હુમલાખોરો એ અદાવત સંદર્ભે એક સંપ થઈ ગર્ભવતી મહિલા શિવાંગીબેન બિપિનભાઈ ડામોરના પતિને કહ્યું કે સગાઈમાં કેમ આવેલ નહીં,તેમ કહીં તેમની ફેટ પકડીને જમીન પર નીચે પાડીને ગડદાપાટુનો માર મારતા - મારતા ગર્ભવતી મહિલાને માર માર્યો સાથે-સાથે હુમલાખોરોએ જાનથી મારી નાખવાની ધમકી આપતા મામલો ગરમાયો હતો. કુંડોલપાલ ગામની શિવાંગીબેન બિપિનભાઈ ડામોરએ હુમલાખોરોએ વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસેહુમલાખોરો વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## શ્રી બાવીસી ગોમતી વાળ સમાજ સહાય યોજનાની મીટીંગ દેવ કૃપા બોયઝ હોસ્ટેલ મોડાસા ખાતે યોજાઈ

મોડાસા, તા. ૩૦

શ્રી બાવીસી ગોમતી વાળ સમાજ સહાય યોજના ની



પ્રતિનિધિઓની મીટીંગ દેવ કૃપા બોયઝ હોસ્ટેલ મોડાસા ખાતે યોજાઈ જે મીટિંગમાં સમાજ સહાય યોજના ના અધ્યક્ષ શ્રી રાજેશભાઈ.ડી.જોષી, પ્રમુખશ્રી કિરીટભાઈ. જી .ગોર, મંત્રી શ્રી જીગરભાઈ. જે .મહેતા, ખજાનચી શ્રી વૈભવ ભાઈ. એન. પંડ્યા તથા મોટી સંખ્યામાં પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા જ્યારે મોડાસા બાવીસી ગોમતી વાળ બ્રાહ્મણ સમાજના પ્રમુખ મહેમાન શ્રી વિજયભાઈ જોષી તેમજ મોડાસાના અન્ય જ્ઞાતિજનોએ હાજરી આપી હતીતથા બાયડ ગોમતી વાળ બ્રાહ્મણ સમાજના પ્રમુખ શ્રી દિલીપભાઈ પુરોહિતે હાજરી આપી હતી અધ્યક્ષશ્રી રાજેશભાઈ જોષી એ મીટીંગ ની શરૂઆત કરી સમાજ સહાય યોજના વધુમાં વધુ સારી દિશા માં કઈ રીતે આગળ લઈ જવાય તે વિશેની સુંદર માહિતી પૂરી પાડી હતી જ્યારે પ્રમુખ શ્રી કિરીટભાઈ એ સમાજ સહાય યોજનાની અંદર સેવાના કાર્યો કઈ રીતે કરી શકાય અને જ્ઞાતિ મેમ્બરને વધુમાં વધુ ફાયદો કઈ રીતે આપી શકાય તે વિશેની વિસ્તૃત ચર્ચા કરી હતી અને ખજાનચી વૈભવભાઈ એ એકાઉન્ટની વિસ્તૃત માહિતી રજૂ કરી હતી અને તેમણે જણાવ્યું હતું કે આપણી આ યોજના એ પુત્ર વિહોણી માતાને સમાજ સહાય યોજના થકી એક પુત્ર બનવાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે અને વૈભવ ભાઈની કાર્યશૈલીથી બધા જ પ્રતિનિધિ બહુ જ ખુશ જણાયા હતા જ્યારે મંત્રી શ્રી જીગરભાઈ એ પોતાની આગવી છણાવટ થી વિસ્તૃત ચર્ચા કરી હતી અને પ્રતિનિધિઓએ તાળીઓના ગડગડાટથી બધાની વાતને વધાવી લીધી હતી જ્યારે મિટિંગમાં નીચે મુજબના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી. આ મિટિંગની અંદર આ યોજનાને વધુ સુદર્થ અને વધુમાં વધુ સમાજ ઉપયોગી કેવી રીતે થઈ શકે તે અંગેની છણાવટ કરવામાં આવી. તથા શ્રી કિરીટભાઈ .જી .ગોર સમાજ સહાય યોજના માં તેમના પિતાશ્રી ની પુણ્યતિથિ ના દિવસે તારીખ ૨ / ૬/ ૨૦૨૨ના રોજ ૧૧૦૦૦/-દાન જાહેર કરેલ છે જ્યારે આ મિટીંગ નો સુંદર આયોજન મંત્રીશ્રી જીગરભાઈ મહેતાએ કર્યું હતું તેમના આ સુંદર આયોજન ને સૌએ વધાવી હતી અને સાથે પ્રસાદ લઈ મીટીંગનું સમાપન કર્યું હતું

## મોદીજીનો અશ્વમેઘ યજ્ઞ...!

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ...???

બાયડ તા.૩૦

મોદીજીએ જયારથી દિલ્હીનું સુકાન સંભાળ્યું છે ત્યારથી તેમની સોચ, વિચાર અને કલ્પના 'મારું ભારત એક શ્રેષ્ઠ ભારત' ની રહી છે!! આઝાદી પછી સતત ભારત પોતાની મૂળભૂત ઓળખ ગુમાવતું જતું હતું, ભારત આખી દુનિયાને 'આદર્શ જીવનશૈલી' નો પાઠ ભણાવી શકે તે ક્ષમતા ભારત પાસે હતી... ભારતની સંસ્કૃતિ એટલે 'આર્ય સંસ્કૃતિ' જેને હિંદૂ સંસ્કૃતિ પણ કહેવાય છે તે લોકોને સભ્યતા અને સંસ્કારને ઉજાગર કરવાથી લોકો ઉચ્ચ સામાજિક, આધ્યાત્મિક, આર્થિક, વ્યવહારિક, રાજકીય જીવન વ્યતીત કરી શકે તેવી હતી જે સમય જતાં ક્ષીણ થઈ રહી હતી... મોદીજીનો નિશ્ચય હતો કે કોઈપણ ભોગે આ 'હિન્દૂ સંસ્કૃતિ' મરવી ના જોઈએ... 'હિંદૂ એ કોઈ ધર્મ કે સંપ્રદાય નહિ પણ એક આદર્શ સભ્યતા છે.' જેમાં 'વસુંધેવ કુટુમ્બકમ' ની ભાવના છે!! જયારે જયારે પોતાના રાજયમાં અને આસપાસના રાજયમાં આ વિચારધારાનો લોપ થતો દેખાય ત્યારે ત્યારે પરાક્રમી દૈવી તત્વવાળા રાજા 'અશ્વમેઘ યજ્ઞ' નું આયોજન કરતા...

અશ્વમેઘ યજ્ઞમાં રાજા અથવા રાજાના સેનાપતિ કે પ્રતિનિધિ એક સૈન્ય લઈને સાથે ઋષિઓનું બૌદ્ધિક મંડળ અન્ય પ્રદેશોમાં જતું સાથે રાજ્યનું પ્રતીક અશ્વ ઉપર ચીતરવામાં આવતું. આ અશ્વ સાથે જોડાયેલા મુખ્ય પ્રતિનિધિ મંડળ જે તે રાજ્યમાં જઈને સાચી વિચારધારા પ્રસ્થાપિત કરવા સભાનું આયોજન કરતા... સ્થાનિક રાજા મોટેભાગે આ અશ્વમેઘ યજ્ઞમાં વિચારધારાને સ્વીકારતા...સમજાવવા છતાં પણ કોઈ રાજા ના સમજતા ત્યારે યુદ્ધ થતું અને તે રાજ્યની સત્તા ઉપરથી ઉદ્ધત રાજાને હટાવી દૈવી વિચારો વાળા નવા રાજાને સત્તા ઉપર આરૂઢ કરવામાં આવતો.... 'આ રીતે પૃથ્વી ઉપર દૈવી વિચારધારા ફરીથી પ્રસ્થાપિત કરનાર રાજા પુણ્યશાળી અને પરાક્રમી કહેવાતો...આ છે સાચો અશ્વમેઘ યજ્ઞ!!' વર્તમાનમાં પૃથ્વી ઉપર અનેક દેશો સાચી વિચારધારા ખોઈ બેઠેલા છે ત્યારે મોદીજી અનેક વિદેશયાત્રાઓ યોજીને આવો અશ્વમેઘ યજ્ઞ કરી રહ્યા છે તેવું મને લાગે છે...

આવા અશ્વમેઘ યજ્ઞ પહેલાના જમાનામાં રાજાશાહી હતી ત્યારે મહાપ્રતાપી રાજા કરતા અને બરાબર એજ થીમ ઉપર દુનિયાના સૌથી મોટા લોકતંત્રના 'ઈન્દ્ર' એવા રાજા નરેન્દ્ર કરી રહ્યા છે... તેઓ સતત દુનિયાભરના દેશોના પ્રવાસો ખેડીને એકબીજા દેશો જોડે વૈચારિક આદાનપ્રદાન કરીને ભારત અને વિશ્વમાં આર્થિક, સામાજિક, શૈક્ષણિક, પર્યાવરણ તેમજ વસુધૈવકુટુંબકમની ભાવના નિર્માણ પામે તે માટે હર સંભવ પ્રયાસ કરી રહ્યા છે.... બિલકુલ અશ્વમેઘ યજ્ઞની યાદ તાઝી કરાવી જાય છે... ભારતમાં અમિતજી, યોગીજી,ગડકરજી જેવા કેટલાક ધુરંધરો સંસ્કૃતિના જતન માટે ઝઝૂમી રહ્યા છે તો વિદેશમાં મોદીજી ખુદ તેમજ તેમને જયશંકરજી, રાજનાથજી જેવા નેતાઓ આ યજ્ઞનો અશ્વ લઈને ખૂબ લડી રહ્યા છે... મોદીજીના આ અશ્વમેઘ યજ્ઞની ડિઝાઈન અજિત ડોભાલ જેવા નિષ્ણાત પુરુષ દ્વારા તૈયાર થઈ રહી છે!!

ભારત પાસે મોટી સમસ્યા એ છે કે ભારતના જ કેટલાક લોકો ભારતીય સંસ્કૃતિનું ખંડન કરી રહ્યા છે તો તેમની સામે પણ લડવાનું અને વિદેશને પણ ભારતીય સંસ્કૃતિનું તેજ દેખાડવાનું... આવા બેવડા મોરચે મોદીજી સરકાર લડી રહી છે!! બહુ હિંમત, ધૈર્ય અને શૌર્યનો પરચો બતાવતી મોદીજીની ટિમ દરેક મોરચે સંગ્રામ લડી રહી છે ત્યારે મોદીજી સહિતની ભારતીય સંસ્કૃતિનું જતન કરનારી ટીમને ખૂબ ખૂબ ધન્યવાદ આપવા જ રહ્યા.... 'સૌનો સાથ સૌનો વિકાસ' જેમનો મંત્ર છે એવા 'રાજા'ભારતને આવા સ્વાર્થના લોભના યુગમાં મળવા એ આપણા સૌના માટે ગૌરવની વાત ગણાવી શકાય....!!!

## પ્રિ-મોન્સૂન પ્લાન મુજબ ગટરો સાફ કરવાના બદલે પૂરવાની કામગીરી

**બાયડ-કપડવંજ હાઈવે ઉપરની ગટરો શોભાના ગાંઠીયા સમાન : નડીયાદ તાબાના ઈજનેર કલેક્ટરને પણ ગાંઠતા ન હોવાની ચર્ચા**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૩૦

બાયડ-કપડવંજ હાઈવે ઉપર ચોમાસા દરમ્યાન પાણીના નિકાલ માટે બાયડ-ડેમાઈ સહિતના વિસ્તારોમાં પાકી ગટરો બનાવવામાં આવી છે ત્યારે બાયડમાં પ્રિ-મોન્સૂન એક્શન પ્લાન મુજબ આર.એન્ડ બી. સ્ટેટ વિભાગ દ્વારા ગટરો સાફ કરવાની હોય છે પરંતુ અહીંયાં ઉંધી સૂચના મળી હોય તેમ ગટરો પૂરવાનું કામ થતાં વેપારીઓ તથા વાહન ચાલકો આશ્ચર્ય અનુભવી રહ્યા છે. નડીયાદ તાબાના ઈજનેર કહેવાય છે કે કલેક્ટરને પણ ગાંઠતા નથી અને મીટીંગમાં પણ ગેરહાજર રહેતા હોય છે..!! મોડાસા-બાયડ-નડીયાદ હાઈવેનું નવીનીકરણ અને તેનો કાર્યભાર જ્યારથી નડીયાદ તાબાના ઈજનેરને સોંપવામાં આવ્યો છે ત્યારથી અનહદ ભ્રષ્ટાચાર આદરવામાં આવે છે સમારકામ માત્ર કાગળ ઉપર થતું હોય છે. પરંતુ તેની તપાસ કરવાની કોઈને ફૂરસદ નથી. ચોમાસુ નજીક છે ત્યારે વહીવટી તંત્ર દ્વારા તમામ વિભાગોને પ્રિ-મોન્સૂન એક્શન પ્લાનની અમલવારી કરવા સૂચના આપવામાં આવી છે ત્યારે ક્યારેક જ દેખાતા કપડવંજ-બાયડ હાઈવે તાબાના સ્ટાફે છેલ્લા ૨ દિવસ દરમ્યાન હાઈવે ઉપરની ગટરોની સફાઈ કરવાના બદલે રસ્તા ઉપર જે કોઈ કચરો પડ્યો હતો તે ભૂગર્ભ ગટરમાં ઠાલવતા જોવા મળ્યા અને કચરો ઉપાડ્યાના હળાહળ ખોટા બીલ રજૂ કરી કોનું કલ્યાણ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે બાયડની પ્રજાને સમજાતું નથી. સ્થાનિક વેપારીઓના જણાવ્યા અનુસાર છેલ્લા ૨-૩ વર્ષથી ગટરોની સફાઈ થતી નથી અને ગટરો માટીથી ભરાઈ ગઈ છે. ૨ દિવસ અગાઉ સફાઈની કામગીરી થશે તેમ જોવા મળ્યું પરંતુ અહીંયાં ગટરની સફાઈના બદલે ગટર પૂરવાની કામગીરીએ સૌને અચંબિત કર્યા છે.

## પાલનપુર તાલુકાના ખોડલામાં ખેડૂત દ્વારા પર્યાવરણના જતન માટે સીડ બોલ...

### ચોમાસાની સીઝનમાં સીડ બોલ દ્વારા વૃક્ષારોપણ

પાલનપુર તા.૩૦

બનાસકાંઠા જિલ્લાને હરિયાળો બનાવવા માટે વિવિધ સંસ્થાઓ દ્વારા ચોમાસાની સિઝનમાં વૃક્ષારોપણ અભિયાન યોજવામાં આવે છે. ત્યારે હાલ ચોમાસા ની સિઝન નજીકમાં છે ત્યારે વરસાદી મોસમમાં વૃક્ષારોપણને વેગવતું બનાવવા માટે બનાસડેરીની પ્રેરણા થી ગામે ગામ પશુ પાલકો દ્વારા વનરક્ષા અભિયાન અંતર્ગત સીડ બોલ બનાવવામાં આવી રહ્યા છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ કે. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,



બનાસકાંઠા જીલ્લાના ખેડૂતો અને પશુપાલકો દ્વારા વન રક્ષા અભિયાન અંતર્ગત સીડ બોલ બનાવવા બનાસડેરીની સૂચના મુજબ પાલનપુર તાલુકાના ખોડલા ગામની દુધ ઉત્પાદક મંડળીના સહયોગથી ગામના વૃક્ષપ્રેમી અને ખેડૂત વાલજીભાઈ જુડાળ દ્વારા પશુઓના છાણ માંથી મોટી સંખ્યામાં સીડ બોલ તૈયાર કરવામાં આવ્યા હતા. વાલજીભાઈ એ બનાસ ડેરીના વન રક્ષા અભિયાન હેઠળ બનાવેલા સીડ બોલને આગવી કલા કૃતિ દ્વારા ગોઠવી વૃક્ષો વાવો વરસાદ લાવો,વન રક્ષા અભિયાન જેવા લખાણ લખીને સુંદર આકર્ષણ જમાવે તે રીતે ખેતરમાં સીડ બોલ તૈયાર કર્યા છે સિડ બોલ ચોમાસામાં પહાડી તેમજ નિર્જન વિસ્તારમા વૃક્ષારોપણ કરી જિલ્લાને હરિયાળો બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે.